Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# રાષ્ટ્રના વિકાસમાં સંચાર–માધ્યમોની ભૂમિકા

**નિમિષ પી કાનાણી**

શોધકર્તા

પત્રકારત્વ ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**ડો. નીતા ઉદાણી**

માર્ગદર્શક

પ્રોફેસર પત્રકારત્વ ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

### ❖ પ્રસ્તાવના

વર્તમાન યુગ સંચાર ક્રાંતિનો યુગ છે. સંચારના ક્ષેત્રે વિવિધ સંશોધનો થતા આજે આપણી પાસે સંચારના નવા માધ્યમો અને નવી નવી ટેકનોલોજી ઉપલબ્ધ થઈ રહી છે. માર્શલ મેકલુહાનના શબ્દોમાં કહીએ તો આજે વિશ્વ એક નાનકડું ગામ બન્યુ છે. માનવે અંતરિક્ષમાં પણ સંચારના વિવિધ સંશોધનો હાથ ધર્યા છે. પરંતુ આ ટેકનોલોજી વિકસીત રાષ્ટ્રો પાસે જ છે. જયારે અલ્પવિકસીત કે વિકાસશીલ દેશો પાસે સંચારની અધ્યતન ટેકનોલોજી અને સંચારના માધ્યમો પુરતા પ્રમાણમાં આજે પણ ઉપલબ્ધ નથી. ત્યારે રાષ્ટ્રો પોતાની પાસે રહેલા સંચારના માધ્યમોનો ઉપયોગ કરી અને અસરકારક પ્રત્યાયન દ્વારા પોતાના દેશમાં વિવિધ ક્ષેત્રે વિકાસ કરવા માટે સંચાર–માધ્યમો કેવી મહત્વપુર્ણ ભૂમિકા નિભાવી શકે તે આ અભ્યાસનું કેન્દ્ર બીંદુ છે. માહિતીના આ યુગમાં સંચાર માધ્યમો પ્રત્યાયન માટેના સૌથી અસરકારક પરીબળ તરીકે ઉભર્યુ છે. ત્યારે પ્રત્યાયનના સંદર્ભે રાષ્ટ્રના વિકાસમાં સંચાર માધ્યમોની ભૂમિકા ની ચર્ચા કરીશું.

દેશના વિકાસમાં સંચાર માધ્યમોની ભૂમિકા તપાસતા પહેલા એ વાત સ્પષ્ટ કરવી પડે કે સંચાર માધ્યમોનો ઉપયોગ દેશના વિકાસ માટે તથા નાગરીકોની સુવિધા માટે કરવો એ લગભગ તમામ દેશોની સરકારની પ્રાથમીકતા હોય છે. સંચાર માધ્યમોના ઉપયોગ દ્વારા કરવામાં આવતી વિકાસાત્મક પ્રત્યાયનની કામગીરીને વર્ણવતા ડો. યાસીન દલાલ પોતાના પુસ્તક પત્રકારત્વ પર્વમાં એલનની વાતને નોંધે છે કે "આ કામગીરીમાં એ સૌથી પ્રથમ સ્થાન 'સામાજીક પરિવર્તનને' આપે છે, બીજું સ્થાન રાજકીય સ્થાનોમાંથી ભ્રષ્ટાચાર નાબુદીને આપે છે. ત્રીજી વહીવટી સુધારણાને–ચોથુ કોમ,જ્ઞાતીના વાડાની નાબુદીને અને પાંચમું સ્થાન રૂઢિચુસ્તતા અને જડતાની નાબુદીને આપે છે."[૧] આમ વિકાસ ઝંખતા દેશોની મુખ્ય સમસ્યાને અનુરૂપ સંચાર માધ્યમોની ભૂમિકા નકકી કરવી હિતાવહ છે.

આજના સમયે વૈશ્વીક સંસ્થાઓ દ્વારા દેશોનું વર્ગીકરણ મુખ્યત્વે ત્રણ વિભાગમાં કરવામાં આવે છે. (૧) વિકસીત દેશ, (૨) વિકાસશીલ કે અલ્પવિકસીત દેશ, અને (૩) ગરીબ દેશ. વિકસીત દેશોનો આર્થિક, સામાજીક અને શૈક્ષણિક સ્તરે વિકાસ થઈ ચુકયો છે અને સંચાર–માધ્યમોના સાધનો અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો જેઓ વ્યાપકપણે ઉપયોગ પણ કરે છે. ગરીબ દેશો લગભગ તમામ ક્ષેત્રે પછાત હોય છે ત્યાં સંચાર માધ્યમોનો ઉપયોગ ખુબજ જૂજ પ્રમાણમાં થતો હોય છે. આવા રાષ્ટ્રોમાં વિકાસની સંભાવનઓ ખુબજ ઓછી જોવા મળે છે. જયારે વિકાસશીલ કે અલ્પવિકસીત દેશોમાં વિકાસની અપાર સંભાવના રહેલી હોય છે. જેને જરૂર માત્ર આધુનીક ટેકનોલોજી અને સંચાર–માધ્યમના સાધનોની છે. જેના દ્વારા તે પોતાના સમાજને વિવિધ ક્ષેત્રોમાં જાગરૂકતા લાવવા માટે સંચાર માધ્યમો દ્વારા અસરકારક પ્રત્યાયન થી સમાજમાં જાગૃતિ લાવી શકે છે. સંચાર માધ્યમોની ઉપયોગીતા જણાવતા ડો. યાસીન દલાલ પોતાના પુસ્તક 'માધ્યમ મામાંસા" માં નોંધે છે કે "માણસ કુટુંબ, ધર્મ કે શાળા દ્વારા જેટલો ઘડાય છે, એટલો હવે માધ્યમ દ્વારા પણ ઘડાય છે. માધ્યમો એને ઘણી ચીજો શીખવે છે. અખબાર, રેડિયો,

ટેલિવીઝન કે સિનેમા જોઈને, વાંચીને એ જીવનમાં ઢગલાબંધ માહિતી મેળવે છે. અને જ્ઞાન પણ મેળવે છે. માધ્યમો ત્રણ ચરણમાં માનવીને ઉપયોગી બને છે, (૧)માહિતી આપીને (૨)માહિતી વડે જ્ઞાન આપીને અને (૩)જ્ઞાન દ્વારા ડહાપણ શીખવીને. આમ અલગ અલગ સ્તરે માધ્યમો મનુષ્યનું ઉર્ધ્વીકરણ કરવામાં મદદરૂપ ભૂમિકા ભજવી શકે છે."[૨]

આજનો યુગ માહિતીનો યુગ છે. માહિતીના આદાન–પ્રદાન થી જ સમાજ જીવનના દરેક ક્ષેત્રમાં તથા લોકોમાં જાગૃતિ લાવી શકાય છે. પછી ભલે તે આર્થિક, સામાજીક, શૈક્ષણીક કે સ્વાસ્થ્ય સંબંધીત હોય. રાષ્ટ્રના વિકાસમાં આજે સંચાર માધ્યમો ખુબજ અગત્યની ભૂમિકા ભજવી રહયા છે જેને સમજાવતા ડો. રમેશ ઘાડાસરા પોતાના પુસ્તક રિપોર્ટીંગનો રીપોર્ટમાં નોંધે છે કે "૨૧ મી સદીમાં માધ્યમો માનવીના રોજીંદા જીવનનો એક અવિભાજય હિસ્સો બની ગયા છે. સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં માધ્યમોની ભૂમિકા સર્વાનુમતે સ્વીકારાય છે. લોકશાહી દેશોમાં તો માધ્યમોને ચોથી જાગીર માનવામાં આવે છે. માધ્યમો માહિતી પ્રસાર, ઘડતર અને વૈચારીક આંદોલનો ઉભા કરવામાં અગ્રેસર સાબિત થયા છે."[૩]

જયારે દેશના વિકાસની વાત કરવામાં આવે ત્યારે દેશની માત્ર આર્થિક સ્થિતિ જ જોવામાં નથી આવતી પણ દેશના નાગરીકોની આર્થિક સ્થિતિ, શિક્ષણ, રોજગારી, બૌધ્ધીક સ્તર, સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ એવા અલગ–અલગ માપદંડોને આધારે રાષ્ટ્રને વિકાસની પરિભાષામાં પરીભાષીત કરી શકાય છે. આર્થિક રીતે સક્ષમ થયેલા રાષ્ટ્રમાં જો હજુપણ અંધશ્રધ્ધા, રૂઢિચુસ્તતા, શિક્ષણનો અભાવ હોય તો તેને આપણે વિકસીત રાષ્ટ્રની વ્યાખ્યામાં નથી મુકી શકતા. વ્યકિતના જીવનના દરેક પાસાને રાષ્ટ્રના વિકાસ સાથે સીધો સંબંધ છે. "mass communication can educate the public, promote social change, and raise awareness about important issues such as health, education, and civic engagement. Furthermore, it can contribute to economic development by facilitating the flow of information, promoting entrepreneurship, and attracting investment. Overall, mass communication is a crucial tool for fostering national development by promoting informed citizenship, social cohesion, and economic progress."[૪]

### ❖ દેશના વિકાસમાં સંચાર–માધ્યમોની ભૂમિકા

### (૧) શિક્ષણના ક્ષેત્રે

આજે શિક્ષણની ક્ષિતીજ વિસ્તરી રહી છે. સંચાર માધ્યમો દ્વારા આજે ઘર બેઠા પણ શિક્ષણ લેવું શકય બન્યું છે. આ ઉપરાંત દેશમાં શિક્ષણને લઈ અને જાગૃતિ ફેલાલવવા માટે સંચાર માધ્યમો ખુબજ મહત્વની ભૂમિકા ભજવે છે. ટેલીવિઝન, રેડિયો, ઈન્ટરનેટ પર સરકાર દ્વારા શિક્ષણને લગતી વિવિધ યોજનાઓ, સ્કોલરશીપ, શિક્ષણ, વિવિધ કોર્ષ અને એડમીશન વગેરેની

માહિતી ખુબજ સરળતાથી લોકો સુધી પહોચાડી શકાય છે.

### (૨) આરોગ્યના ક્ષેત્રે

દેશના નાગરીકો શારીરીક રીતે સ્વસ્થ હશે તો જ રાષ્ટ્રની ઉત્પાદકતામાં પોતાનો પુર્ણ સહયોગ આપી શકશે. વર્તમાન સમયે આવેલી કોવીડ–૧૯ મહામારીમાં સંચાર–માધ્યમોની શકિતનો આપણને ખ્યાલ આવ્યો છે. રોગ અને તેના લક્ષણો, દવાઓ, રસી વગેરેની બાબતો ખુબજ સરળતાથી સંચાર–માધ્યમોના ઉપયોગથી લોકો સુધી પહોંચાડી શકાય છે. આજે ટેલીમેડીસીન દ્વારા પણ લોકોની બીમારીનો ઈલાજ સરળતાથી કરી શકાય છે.

### (૩) આર્થિક ક્ષેત્રે

સંચાર–માધ્યમોના ઉપયોગથી રાષ્ટ્રનો આર્થિક ક્ષેત્રે વિકાસ ખુબજ ઝડપી બને છે. વિકસીત રાષ્ટ્રોના વિકાસની પાછળના મુળ કારણો તપાસીએ તો ત્યાં વિવિધ સંશોધનો તથા સંચાર માધ્યમોની આધુનિક પ્રણાલીઓનો ઉપયોગ તેમના આર્થિક વિકાસના મુળમાં રહેલો છે. ખાસ કરીને કમ્પ્યુટર અને ઇન્ટરનેટની ક્રાંતી થી આર્થિક વિકાસને વેગ મળ્યો છે. આર્થિક ક્ષેત્રે ઈન્ફોર્મેશન અને કોમ્યુનીકેશન ટેકનોલોજી આવવાથી વહીવટો પારદર્શક બન્યા છે તો સાથે સાથે સરળ અને ઝડપી પણ બન્યા છે. ઈન્ફોર્મેશન અને કોમ્યુનીકેશન ટેકનોલોજીના ઉપયોગથી ભ્રષ્ટાચારમાં પણ ઘટાડો જોવા મળે છે.

### (૪) સામાજીક પરીવર્તન

સંચાર–માધ્યમોના ઉપયોગ દ્વારા સમાજની માનસીકતામાં પરીવર્તન લાવી શકાય છે. સમાજમાં વ્યાપ્ત અંધશ્રધ્ધાના નિર્મુલન માટે તર્કયુકત અને વૈજ્ઞાનીક કારણો રજુ કરતા સંદેશાઓ દ્વારા લોકોના માનસમાં રહેલી ભ્રાંતિ દુર કરી શકાય છે તો સાથે સાથે વસ્તી નિયંત્રણ, સ્ત્રી શિક્ષણ, સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ લાવી શકાય છે. સંચાર–માધ્યમોના ઉપયોગ દ્વારા વિકાસાત્મક પ્રત્યાયન તથા વિજ્ઞાન પ્રત્યાયન સરળતાથી તથા પ્રભાવી રીતે કરી શકાય છે.

### (૫) રાષ્ટ્રીય પ્રશ્નોના ઉકેલ માટે

કોઈપણ રાષ્ટ્રનો વિકાસ ત્યાં સુધી સંભવ નથી કે જયાં સુધી રાષ્ટ્રમાં શાંતિ અને સ્થિરતાનું વાતાવરણ સ્થાપિત ન થાય. દરેક રાષ્ટ્રની પોતાની કંઈક ને કંઈક સમસ્યા રહેલી હોય છે. રાષ્ટ્રિય સમસ્યાની સાથે સાથે રાષ્ટ્રના નાગરીકોમાં પણ મતભેદો રહેલા હોય છે. આવા રાષ્ટ્રિય પ્રશ્નોમાં એક સર્વ સંમતી સધાય તે ખુબજ આવશ્યક છે. આવી સંમતિ લાવવા માટે સંવાદ થવો ખુબજ જરૂરી છે, સંવાદ સ્થાપિત થશે તો જ એક મત ધરાવનાર વ્યકિત અન્યના વિચાર જાણી અને પોતાના વિચારનું મુલ્યાંકન કરી શકે અને એક સર્વસ્વીકૃત વિચાર રજુ કરી શકાય. ખાસ કરીને ભારત જેવા વિવિધતા ધરાવતા દેશમાં

સંચાર–માધ્યમો ખુબજ મહત્વની ભૂમિકા ભજવે છે.

આ ઉપરાંત દેશના નાગરીકોને માહિતીની ઝડપથી આપ–લે કરવી, એક માહિતીસભર સમાજની રચના કરવી, કૃષિ–વિજ્ઞાન વગેરે જેવા ક્ષેત્રે વિકાસાત્મક સંદેશાઓ લોકો સુધી પહોંચાડવા, લોકોનું મનોરંજન કરવું, સામાજીક વારસાનું હસ્તાંતરણ કરવું, નવી પેઢીને રાષ્ટ્રના મૂલ્યો, ધરોહર અને સંસ્કૃતિથી વાકેફ કરવા, સમાજને જોડી રાખવો, લોકો સુધી રાષ્ટ્રની સમસ્યાને પહોંચાડી અને તેના નિવારણ માટે દરેક નાગરીકનો સહયોગ મેળવવો, દેશમાં ભાઈચારાની ભાવના જળવાઈ રહે તેવા સંદેશા પ્રસારીત કરવા વગેરે જેવી બાબતોને સંચાર–માધ્યમોના ઉપયોગથી સીધી રીતે જ સંબોધી અને દેશના વિકાસમાં સંચાર–માધ્યમો મહત્વની ભૂમિકા ભજવી શકે છે. "When communication is used to promote social development. Systematically applying the processes, strategies, and principles of communication to bring out positive social changes called development communication. It is the art and science of human communication linked to a society's planned transformation from a state of poverty to one of dynamic socio-economic growth that makes for greater equity and the larger unfolding of individual potential. "[૫]

❖ **ઉપસંહાર**

રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે સમૂહ પ્રત્યાયન ખુબજ આવશ્યક છે. વ્યકતિ થી વ્યકિત, વ્યકતિ થી સમાજ અને સમાજ થી રાષ્ટ્રને એકસુત્રમાં બાંધવો હશે તો સંવાદ જ તેનું મુખ્ય સાધન બની શકે. જે વર્તમાન સમયના આધુનિક સંચાર–માધ્યમો જ કરી શકે તેમ છે. ઉપરોકત અભ્યાસમાં જાણાયું છે કે રાષ્ટ્રનો વિકાસ કોઈ એક ક્ષેત્ર કે કોઈ એક વર્ગ પુરતો મર્યાદિત ન હોય શકે પરંતુ દેશના અંતિમ નાગરિક સુધી સવલતો પહોંચાડીએ ત્યારે જ દેશનો વિકાસ સંભવી શકે અને તેના માટે વિકાસાત્મક પ્રત્યાયનની જરૂર પડે. આવા વિકાસલક્ષી પ્રત્યાયન કરવા માટે સંચાર–માધ્યમો ખૂબજ મહત્વની ભૂમિકા ભજવે છે.

❖ **સંદર્ભસૂચિ**

૧. ડો. દલાલ યાસીન, 'પત્રકારત્વ પર્વ', ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્રથમ આવૃતિ, ૨૦૦૯, પાના નં.૨૬–૨૭

૨. ડો. દલાલ યાસીન, માધ્યમ મીમાંસા', પાર્શ્વ પબ્લિકેશન, છઠી આવૃતિ, ૨૦૧૮, પાના નં.૧૨

૩. રમેશ ઘોડાસરા, રિપોર્ટીંગનો રિપોર્ટ, સહકાર મુદ્રિકા, ૧૯૯૯, પાના નં.૫

૪. https://www.quora.com/What-is-the-relevance-of-mass-communication-to-national-development

૫. https://journalism.uonbi.ac.ke/thematic-areas/development-communication